અગત્યનું.
તાત્કાલીક.

ક્રમાંક/એમવીપી/આરસીપીએસએન/૨૦૧૩/ ૫૨૦
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે માળ, ગાંધીનગર.
તા. -૫-૨૦૧૬.

6 JUN 2016

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,
૨, સરદાર પટેલ ભવન, ૯ મે માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ-ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ હેઠળની સેવાઓ માટે રૂા.૨૦/- નો અરજી પ્રોસેસીંગ ચાર્જ વસુલ કરવા બાબત.
સંદર્ભઃ-સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક-નઅપ ૧૦૨૦૧૪-૧૦૬૦૮-વસુતાપ્ર-૪, તા.૨૩-૩-૨૦૧૬.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી જણાવવામાં આવેલ છે કે, રાજયનાં નાગરિકોને સરકાર તરફથી મળતી સેવાઓ ઝડપી અને નિશ્ચિત સમયમર્યાદામાં મળે તેમજ સમગ્ર રાજયમાં સેવાઓ આપવાની પધ્ધતિમાં એકસુત્રતા જળવાય તે માટે જનસેવા કેન્દ્રો ઉભા કરેલ છે. અને આ જનસેવા કેન્દ્રો પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપનાં ધોરણે કાર્યરત કરવામાં આવેલ છે. આ જનસેવા કેન્દ્રોમાં ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે (યુઝર ચાર્જ અરજી પ્રોસેસીંગ ચાર્જ તરીકે) રૂા.૨૦/- વસુલ કરવાનું ઠરાવેલ છે. તથા તેની આવકની વહેંચણી અરજી પ્રોસીસીંગ ચાર્જની ફી (પરચુરણ આવક તરીકે) ઉધરાવવાની તથા સરકારની આવક તરીકે સંબંધીત આવકના સદરે જમા કરાવવાનું ઠરાવેલ છે.

ઉકત વિગતે જણાવવાનું કે, આ ખાતાની તાબાની કચેરીઓમાં પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપનાં ધોરણે જનસેવા કેન્દ્રો કાર્યરત નથી. રાઇટ ટુ ઇન્ફર્મેશન એકટ,૨૦૦૫ ની જોગવાઇઓમાં જણાવ્યા મુજબ જયાં કાયદા/નિયમોથી ફી વિધમાન હોય ત્યાં નવી ફી લેવાની જોગવાઇ નથી, તે મુજબની જોગવાઇ આ કાયદા હેઠળ કરવાનું અત્રેનું સૂચન છે. જયાં કાયદાથી ફી વિધમાન હોય ત્યાં રૂા.૨૦/- ફી લેવાની જોગવાઇ ન કરવા તેમજ રૂા.૨૦/- નો અરજી પ્રોસીસીંગ ચાર્જ વસુલવા સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગ પાસેથી માર્ગદર્શન મેળવી અપાવવા વિનંતી છે. જે વિદિત થાય.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

(sd/-) ૦૬/૦૬/૧૬
ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

:પુરબિયા:૫૧:૫૫: